NAYARA
ENERGY

## PRESS COVERAGE:

**PUBLICATION NAME: SANDESH (GUJARATI DAILY)**
**CITY:** JAMNAGAR
**DATE:** 18-05-2018
**PAGE NO.** 06
**TOTAL SQ. CM.** 266
**TITLE:** *Launch of Nutrition Support Program- A Joint Initiative of Essar Oil and RNTCP Dwarka*

ફોટો : પરબત ગઢવી







# ખંભાળિયામાં ટીબીના દર્દીઓને રોગમુકત કરવા ન્યુટ્રીશન સપોર્ટ કાર્યક્રમ યોજાયો

**■ એસ્સારના આર્થિક સહયોગથી જિલ્લાના ૨૯૦ દર્દીઓને જરૂરી કિટ અપાશે**

ખંભાળિયા,તા.૧૭

ખંભાળિયા આહિર સમાજ ખાતે ટીબીના દર્દીઓને રોગમુકત બનાવવા માટે ન્યુટ્રીશન સપોર્ટ નામથી એક કાર્યક્રમ જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતો.

WHO દ્વારા ભારતમાંથી ટીબીને ૨૦૩૫ સુધીમાં નાબૂદ કરવાનો લક્ષ્યાંક આપેલ છે ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૫ સુધીમાં ટીબી નાબૂદીનો લક્ષ્યાંક પાર પાડવા જણાવેલ છે.જે અનુસંધાને સરકાર દ્વારા દરેક જિલ્લાના બે તાલુકાઓને ટીબી મુકત કરવા માટે નકકી કરવામાં આવ્યું છે. અનુલક્ષીને દ્વારકા જિલ્લાના ભાણવડ અને કલ્યાણપુર બંન્ને તાલુકાઓ સૌ પ્રથમ ટીબી મુકત કરવાનું નકકી કરવામાં આવેલ છે. જેને પગલે જુદી-જુદી પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. ત્યારે ગત તા.૧૫ ના રોજ ખંભાળિયા આહિર સમાજ ખાતે એસ્સાર ઓઈલ સીએસઆરના આર્થિક સહયોગથી જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટ (ચોખા,મલ્ટીગ્રેના આટા,મુંગદાલ,ચીક પીસ ઓઈલ અને જેગ્રી)આપવા માટે જિલ્લા કલેકટર જે.આર.ડોડીયાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દ્વારકા જિલ્લામાં અં.દા. ૨૯૦ દર્દીઓને એકથી આઠ માસ માટે જરૂરી આપવામાં આવનાર હોવાનું જણાવ્યું હતું. આ તકે જિલ્લા કલેકટર જે.આર.ડોડીયાએ એસ્સાર કંપનીનો આભાર માની જણાવ્યું હતું કે,આપણે પોલીયો મુકત ભારત બનાવી શકયે તો ટીબી મુકત ભારત કેમ નહીં સરકારના પ્રયત્નો,એનજીઓની મદદ અને લોકોની જાગૃતતાથી આવતા વર્ષોમાં ભારતને ટીબી મુકત બનાવવામાં સફળ રહેશું. જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે ટુંકા વકતવ્યમાં જણાવ્યું હતું કે, જનસેવા એજ પ્રભુસેવા છે. ડોકટર જયારે દર્દીની સંવેદના સમજશે ત્યારે જ સાચા અર્થમાં સેવા કરી કહી શકાશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ ધ યુનિયન દિલ્હીના રીજયોનલ ડાયરેકટર ડો. જેમી તોન્સીંગે જણાવ્યું હતું કે, વિશ્વએ જે ટાર્ગેટ આપ્યો છે. એનાથી પાંચ વર્ષ પહેલા આપણે ટીબીને નાબૂદ કરીશું ન્યુટ્રીશન દર્દી માટે બહુ સારી વસ્તુ છે. સરકારના આ કાર્યમાં એનજીઓનો સહકાર મળી રહે તો ટીબી નાબદુ કરવી અશકય નથી. તાજેતરમાં જિલ્લામાં અને રાજયની સૌ પ્રથમ ટીબી વાન દ્વારકા જિલ્લામાં ફરી રહી છે જેના દ્વારા જિલ્લામાંથી ૩૩ વ્યકતીઓની તપાસ કરવામાં આવી હતી જેમાંથી ૬ કેશ પોઝીટીવ અને ૧ ગંભીર પ્રકારનો કેશ સામે આવેલ છે.કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે ન્યુટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.વીએચ એન્ડ વીએચ હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અંગેનું નાટક રજુ કર્યું હતું. કાર્યક્રમમાં એસ્સાર ઓઈલમાંથી દિપક અરોરા, અવધેશ પાઠક, દિપેન્દ્રસિંહ પરિહાર, પ્રફુલ્લ ટંકારીયા,મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એચ.પી.સીંગ, સિવીલના સુપ્રિટેન્ડેન્ટ ડો.કેતન જોષી તથા આરોગ્ય વિભાગના કર્મીઓ હાજર રહયા હતા. કાર્યક્રમની આભાર વિધી જિલ્લા ક્ષય અધિકારી પીઠડીયા દ્વારા કરવામાં આવી હતી.